



Scanned with CamScanner

# ODE TO THE CLOTHES

Pablo Neruda (1904-1973)
(a world-renowned Latin American Poet)

Every morning you wait,
clothes, over a chair,
for my vanity,
my love,
my hope, my body,
to fill you,
I have scarcely
laft steep,
I say goodbye to the water
and enter your sleeves,
my legs look
for the hollow of your legs,
and thus embraced
by your unwearying fidelity
I go out to tread the fodder,
I move into poetry,
I look through windows,
at things,
men, women,
actions and struggles
keep making me what I am,
opposing me,
empolying my hands,
opening my eyes,
putting taste in my mouth,
and thus,
clothes,
I make you what you are,
pushing out your elbows,
burstling the seams,
and so your life swells
the emage of my life.
you billow
and resound in the wind
as though you were my soul,
at bad moments
you cling
to my bones
empty, at night
the dark, sleep,
people with their phantoms
your wings and mine.
I ask
whether one day
a bullet
from the enemy
will stain you with my blood
and then
you will die with me
or perhaps
it may not be
so dramatic
but simple,
and you will sicken gradually,
clothes,
with me, with my body
and together
we will enter
the earth.
At the thought of this
every day
I greet you
with reverence, and then
you embrace me and I forget you
because we are one
and will go on facing
the wind together, at night,
the streets or the struggle,
one body,
may be, may be, one day.
motionless.

*translated by W.S. Merwin*

* * *

Scanned with CamScanner

# અનુક્રમણિકા


| લેખનું નામ | લેખક | પાના નંબર |
|---|---|---|
| - અધ્યાપક વૃંદ, વિદ્યાર્થી સંસદ | | |
| - સંપાદકીય | | |
| - શિક્ષણની કેડીએથી | પ્રિ. જયેશ નાયક | ૧ |
| **● લેખો** | | |
| - કેવી ગરીબાઈ? | પ્રિ. જયેશ નાયક | ૨ |
| - English Teaching: make it interesting | પ્રા.પ્રવિણચંદ્ર માસ્ટર | ૪ |
| - જીવનમાં હતાશાની માત્રા ઘટાડવા ઈચ્છતા વિદ્યાર્થી મિત્રોને | પ્રા. જયંત શાહ | ૬ |
| - રાષ્ટ્રીય એકતા માટે શાસ્ત્ર (શિક્ષણ) જ ઉપાડવું પડે. | પ્રા. પ્રફુલ્લસિંહ જે. રાજ | ૮ |
| - શિક્ષણની રાષ્ટ્રીય પ્રસ્તુતતા | પ્રા. ડૉ. ડી. જી. નાયક | ૧૦ |
| - શિક્ષણનું મહત્વ | ડૉ. અશ્વિનભાઈ કાપડીયા | ૧૨ |
| **● કૉલેજ પ્રવૃત્તિનો સમગ્ર અહેવાલ** | | ૧૩ |
| **● લેખો** | | |
| - આધુનિક પરીક્ષા પધ્ધતિનાં અનિષ્ટો | દિવ્યા નાયક | ૧૬ |
| - શિક્ષક : શાંતિમય ક્રાંતિનો અગ્રદૂત | ભરત પટેલ | ૧૮ |
| **● કાવ્ય** | | |
| - My Mathor Land | શર્મા રામનિવાસ | ૨૦ |
| - સમયની માંગ | ભૈયાત મોહંમદ હનીફ | ૨૨ |
| **● ઋણ સ્વીકાર** | | ૨૨ |
| - તાલીમાર્થીઓનાં નામ-સરનામાં | | ૨૩ |


Scanned with CamScanner

# અધ્યાપક વૃંદ

(૧) શ્રી જયેશકુમાર અંબેલાલ નાયક

(ઇ.ચા. આચાર્ય) (બી.એસસી. એમ.એડ.)

(૨) શ્રી પ્રવીણચંદ્ર રતિભાઈ માસ્ટર (બી.એ.એમ.એડ.)

(૩) શ્રી જયંતકુમાર અરવિંદભાઈ શાહ (એમ.એ.એમ.એડ.)

(૪) શ્રી પ્રફુલ્લસિંહ જશવંતસિંહ રાજ (એમ.કોમ.એમ.એડ.)

# વિદ્યાર્થી સંસદ

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શ્રી જયેશભાઈ નાયક |
| ઉપપ્રમુખ : | | શ્રી પ્રવીણચંદ્ર માસ્ટર |
| સામાન્ય મંત્રી | : | કિશોરભાઈ જરીવાળા |

# સાંસ્કૃતિક સમિતિ

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | શ્રી પ્રફુલ્લસિંહ રાજ |
| મંત્રી | : | ખ્યાતિ દેસાઈ |
| સભ્યો | : | બીના જરીવાળા |
| | : | સુભાષ ચૌહાણ |

# નાણાં સમિતિ

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | શ્રી જયેશભાઈ નાયક |
| મંત્રી | : | પંકજ પટેલ |
| સભ્યો | : | દેવદત્ત જોષી |
| | : | સુરેશભાઈ આહિર |

# પ્રવાસ સમિતિ

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | શ્રી પ્રવીણચંદ્ર માસ્ટર |
| મંત્રી | : | અનિલ વશી |
| સભ્યો | : | હનીફ ભૈયાત |
| | : | અનીશબાનુ પેઈન્ટર |

# સાહિત્ય-વાદ સમિતિ

| | | |
|---|---|---|
| અધ્યક્ષ | : | શ્રી જયંતકુમાર શાહ |
| મંત્રી | : | અનિલ મૈસુરિયા |
| સભ્યો | : | દિવ્યા નાયક |
| | : | રૂપલ ભગત |

Scanned with CamScanner

## સંપાદકીય,

સમયના અવિરત વહેવા સાથે અમારી "કૉલેજ ઑફ ઍજ્યુકેશન ખરોડ" તા. અંકલેશ્વર આયુષ્યનું બીજું વર્ષ પૂરું કરે છે. તે નિમિત્તે "ઉત્કર્ષ"નો બીજો અંક આપના હાથમાં મૂકતાં અમે ગૌરવ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

આપ સૌ જાણો જ છો કે, કૉલેજની શરૂઆત કેવી વિકટ પરિસ્થિતિમાં થઈ હતી. છતાં અમો તેના આયુષ્યના પ્રથમ વર્ષે "ઉત્કર્ષ"નો અંક આપના હાથમાં મૂકી શકયા હતા. અને આજે તેની બાલ્યાવસ્થાના બીજા વર્ષમાં કરેલ પ્રવૃત્તિઓ અને પ્રગતિની ઝાંખી કરાવતો "ઉત્કર્ષ"નો બીજો અંક અમે રજૂ કરી રહ્યાં છીએ.

આ સાથે આ સ્મરણિકા માટે વિજ્ઞાપનો આપનાર હિતેચ્છુજનો અને સંસ્થાઓના અમે ઋણી છીએ. એમણે જે સહાયતા કરી છે, તેનું વર્ણન અહીં શકય નથી. આ કામ પાર પાડવામાં કૉલેજના પ્રશિક્ષણાર્થી ભાઈ-બહેનોના શ્રમની અમે સહર્ષ નોંધ લઈએ છીએ. સંસ્થા માટે યતકિંચિત કરી છૂટવાની ભાવના બદલ તેઓને હાર્દિક ધન્યવાદ પાઠવીએ છીએ.

**સંપાદકો ;**

**શ્રી જયંતભાઈ શાહ,**
**શ્રી પ્રવીણચંદ્ર માસ્ટર,**
**શ્રી પ્રફુલ્લસિંહ રાજ.**
**અનિલ મૈસુરિયા**
(સાહિત્ય મંત્રી).

Scanned with CamScanner

# શિક્ષણની કેડીએથી.........

અદ્યતન જ્ઞાન-વિજ્ઞાનની સાથે શિક્ષણ તાલ ન મેળવી શકે તો શિક્ષણ નિર્જીવ બની રહે. જ્ઞાન અને વિજ્ઞાનના મેળ દ્વારા જ તો જીવનની અખિલાઈને પામી શકાય છે. છતાં નાવીન્યના મોહમાં પ્રાચીન મૂલ્યોને ઉત્સાહીજનો ભૂલીને પોતાનો ધોરીમાર્ગ ચૂકી ન જાય તે જોવાનું કાર્ય પણ શિક્ષણ જ કરે છે. નવી પેઢીમાં સંસ્કાર સિંચન અને વ્યક્તિત્વના ઘડતરના કાર્યની જવાબદારી શિક્ષકપક્ષે છે. આ ફરજની સભાનતા કેળવી પોતાનું કાર્ય પૂરી ક્ષમતાથી અને કુશળતાથી કરીએ એ જ આપણો યોગ. આ સત્યતા આપણે પામી જઈએ અને જીવન વ્યવહારમાં ઉતારી લઈએ તો દેશની ગરીબી એક દિવસ પણ ટકી ન શકે.

કલાકાર મૂર્તિ બનાવે ત્યારે જો તે પથ્થરનું પથ્થરપણું ખેરવી ન નાખે તો એને પ્રભુનાં દર્શન મૂર્તિમાં ન થાય. કલાકારને મૂર્તિ બનાવવામાં અનહદ આનંદની અનુભૂતિ થાય છે. એ મૂર્તિના કેટલા પૈસા મળે એ બાબત ગૌણ છે. આ જ વાત શિક્ષક-વિદ્યાર્થી પક્ષે લાગુ પાડી શકાય. ઉત્કૃષ્ટ નાગરિક તૈયાર કરવા વિદ્યાર્થીઓને હાથ, મગજ અને હૈયું આ ત્રણેનો ઉપયોગ કરે એવી કેળવણી આપવી જરૂરી છે. હાથ-પગ, મગજ અને હૈયું એમ ત્રણેને કામે લગાડે તે જ કલાકાર. કર્મનું સૌંદર્ય કલા દ્વારા પ્રગટ થાય છે. તેથી જ્ઞાનરૂપી કલાના વિકાસ માટે વિદ્યાર્થી રૂપી માનવફૂલને સુગંધિત બનાવવાનો અથાગ પ્રયત્ન એ જ શિક્ષણનું કર્મ હોઈ શકે. **योगः कर्मसु कौशलम।**

આપણા જ્ઞાનયજ્ઞની સફરનું બીજું વર્ષ પૂર્ણ કરતાં આપની સમક્ષ "ઉત્કર્ષ" અંક આનંદથી રજૂ કરું છું. અને આ તકે કૉલેજની વર્ષ દરમિયાનની વિવિધ પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક પાર પાડવા માટે શિક્ષણપ્રેમીઓ, તાલીમાર્થીઓ અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થનાર સૌ જનોનો આભાર માનું છું.

સૌ તરફથી શુભ વિચારો અને સહકાર મળતો રહેશે એ જ અભ્યર્થના.

-ડૉ. જયેશ નાયક



Scanned with CamScanner

[illegible]



[illegible]

[illegible]



[illegible]

[illegible]



કુ. [illegible]



[illegible] ડીન ડૉ. ડી. જી. [illegible] સન્માન કરતા શ્રી [illegible]



વ્યાખ્યાન દરમિયાન ડૉ. [illegible]



વ્યાખ્યાન [illegible] દરમિયાન ડૉ. [illegible]



પ્રવચન દરમિયાન [illegible] શ્રી [illegible]



[illegible]



१९९२-९३

Scanned with CamScanner

## સ્ટુડન્ટ કાઉન્સિલ ૧૯૯૨-૯૩



## વર્ષ દરમિયાન થયેલી વિવિધ પ્રવૃત્તિઓ











Scanned with CamScanner

# વાર્ષિકોત્સવ
# ૧૯૯૨



શ્રી વિનોદભાઈ વકીલનું સ્વાગત
કરતા કૉલેજના આચાર્યશ્રી



ગામના સરપંચશ્રીનું સ્વાગત
કરતા શ્રી સુનીલભાઈ પટેલ.



આદિવાસી નૃત્ય



ડાંગી નૃત્યની એક
આકર્ષક મુદ્રા



ડાંગી નૃત્યનું જૂથ



ગરબાનું વૃન્દ



ગઝલ



નાટક
"સ્વાર્થ ની સગાઈ"



નાટક-"ઓહ! ભગવાન સેન્ચુરી"



સમુહગીત

Scanned with CamScanner

# કેવી ગરીબાઈ ?

- પ્રિ.જયેશ નાયક

दग्धंखाण्डवमर्जुनेन बलिना दिव्यैर्द्रमैः सेवितं
दग्धावायुसुतेन रावणपुरी लङ्का पुनः स्वर्णभूः।
दग्धः पश्चशरः पिनाकपाणिना तेना प्ययुक्तं कृतं
दारिद्र्यं जनताप कारकमिदं केनापि दग्धं नहि ॥

દિવ્યવૃક્ષોથી ભરેલું ખાંડવવન બળવાન અર્જુને બાળી નાંખ્યું પણ તેમાં એણે શું સારું કર્યું? વાયુપુત્ર હનુમાને રાવણની સ્વર્ણપુરી લંકાને બાળી નાખીને પણ શું સારું કર્યું? પિનાકપાણિ શંકરે કામદેવને બાળી નાંખ્યો, એમાં પણ એમણે કંઈ સારું કર્યું નથી. તેમ માનવીએ માનવીના ઘરો બાળ્યાં, કારખાનાંઓ બાળ્યાં તેમાં કયું પરાક્રમ કર્યું? અરે! માનવે જીવતા માનવને બાળ્યો તેમાં એને ક્યો આનંદ પ્રાપ્ત થયો? (કે ફોઈડના મતે અજાગ્રત મનમાં પડેલી માનવીની પાશવતાનું દર્શન કરાવ્યું?)

ખરેખર બાળવા યોગ્ય તો હતા ભ્રષ્ટાચાર, બેકારી, કોમવાદનાં બીજ ઉપરાંત ધનની, સંસ્કારની, ચારિત્ર્યની અને મનની ગરીબાઈ. આ બધી ગરીબાઈ તો કોઈએ બાળી નથી, કે જે ખરેખર માનવને સંતાપ આપનારી છે.

માનવીની ભૌતિકવાદ તરફની આંધળી દોટ આર્થિક ગરીબાઈમાંથી મુક્તિ મેળવવા માટેની હશે. પરંતુ ધનની પ્રાપ્તિમાં માનવ પોતાના અસ્તિત્વને ભૂલી અધઃપતનના માર્ગે જવા લાગ્યો અને પોતે પોતાની સભ્યતા વીસરી ગયો. પણ મનમાં નિઃશંક માનજો કે આર્થિક ગરીબાઈ એ અપમાન નથી. લંગોટીમાં પણ શરમાવા જેવું નથી. ખુરશી ટેબલ વગેરે સરસામાનના અભાવમાં લેશમાત્ર અભાવ નથી. ધનસંપત્તિ, વ્યાપાર, વાણિજ્ય અને ફર્નિચરની બહોળપને જ જેઓ સભ્યતાનું લક્ષણ કહેતા ફરે છે, તેઓ જંગલિયતને સભ્યતા ગણી સ્પર્ધા કરે છે. ખરી રીતે સભ્યતા શાંતિ-સંતોષમાં, મંગળમાં, ક્ષમામાં અને જ્ઞાન ધ્યાનમાં જ છે.

પ્રવર્તમાન ભારતમાં આર્થિક ગરીબાઈની જેમ જ સંસ્કારની ગરીબી આજે સર્વત્ર દ્રશ્યમાન થાય છે. ન્યૂનતમ પ્રયત્નથી મહત્તમ લાભ મેળવવાની મથામણમાં આજનો વિદ્યાર્થી પોતાની સંસ્કારિતા વીસરી જાય છે અને મર્યાદા ચૂકીને વર્તન કરતો થઈ જાય છે. તેના જ્ઞાન પ્રાપ્તિના હેતુને ઊંચે મૂકી તે શાળા-મહાશાળાઓમાં અમનચમન પ્રાપ્ત કરવા આવતો હોય તે રીતે ઓછી મહેનતે અથવા વગર પરીક્ષાએ પદવી પ્રાપ્ત કરવા ઝંખે છે. એ જ્ઞાન પિપાસુ મટી પદવીપિપાસુ બની જાય છે. આવા વિદ્યાર્થીને સ્વામી રામતીર્થના જીવનમાંથી પ્રેરણા મેળવવા નીચેનો પ્રસંગ સુચક થઈ પડશે.

"બી.એ.ની પરીક્ષામાં એક વિદ્યાર્થી નાપાસ જાહેર થયો. પણ નાપાસ થવાથી એ નાસીપાસ ન થયો. એણે ફરી પ્રયત્નો શરૂ કર્યા. પાસ થવાના દ્રઢસંકલ્પ સાથે બીજા વર્ષે એ પરીક્ષામાં બેઠો ત્યારે એક પેપરમાં ૧૩ પ્રશ્ન પૂછી સુચના લખેલી-"ગમે તે નવ પ્રશ્નોના ઉત્તર લખો." એણે તેરે તેરના જવાબ લખી નાખ્યા અને સૂચના લખી કે "ગમે તે નવ તપાસો." પરિણામ આવ્યું ત્યારે તે કેન્દ્રમાં પ્રથમ નંબરે આવ્યો હતો. એ જ વિદ્યાર્થી પાછળથી સ્વામી રામતીર્થ બન્યા."

પરીક્ષામાં વધુ વિકલ્પો માગતો આજનો વિદ્યાર્થી ઉપર્યુક્ત પ્રસંગમાંથી શીખ લેશે?

આપણે વગર મહેનતે જ્ઞાનપ્રાપ્ત કરી શકીએ એમ માનવું એ મોહક સ્વપ્નું છે. જ્ઞાન કઠોર ચિંતન દ્વારા,



Scanned with CamScanner

આત્માની આંતરિક તપસ્યા દ્વારા મળે છે. જેનાથી સ્વભાવની મીઠાશ, મનનું શાણપણ ને આત્માનું સામર્થ્ય પ્રાપ્ત થાય તેનું જ નામ સંસ્કારિતા. સંસ્કારિતાનો અર્થ છે જીવનપલટો, માણસના આખા માનસનું ધરમૂળથી પરિવર્તન. સંસ્કારિતા એટલે મન અને શરીર વડે કરેલી વિચારણા.

ચારિત્ર્યની ગરીબાઈ જેવી બીજી કોઈ ગરીબાઈ નથી. આર્થિક રીતે ગરીબ વ્યક્તિ કંઈ ગરીબ નહીં કહેવાય. ચારિત્ર્યવાન વ્યક્તિઓ જ સમાજમાં આગેવાન માર્ગદર્શક બને છે. ચારિત્ર્યમાં કલંક લાગે તો ભૂંસી શકાતું નથી. સફેદ કપડાંમાં નાનો સરખો ડાઘ પણ સ્પષ્ટ દેખાઈ આવે છે. તે રીતે માનવીની નાની સરખી ભૂલ પણ મોટી દેખાય છે. ભારતની પ્રાચીન તપોવન સંસ્કૃતિનું આજે પતન થયું છે. મનુષ્યની સંકલ્પશક્તિ કુંઠિત થઈ ગઈ છે. મનુષ્ય સંકલ્પને તુચ્છ ગણે છે. તુચ્છ બનાવે તેવા કાર્યો કરે છે. પરંતુ માનવીની ખરી શોભા માનવતા છે. માનવતાને વ્યક્ત કરતી ગુણવત્તા અને આચાર વિચારથી ચારિત્ર્ય ઘડતર થાય છે. આ ગુણવત્તામાં શિસ્ત, સંયમ, નિયમિતતા, સાદાઈ, સ્વાશ્રયનો સમન્વય થવો જોઈએ. તે સાથે જીવનમાં સૌંદર્ય, સત્યપારાયણતા, સેવા સંકલ્પ, સ્વચ્છતા, નિસ્વાર્થતા, માનવતા, પ્રેમ વગેરેને સ્થાન હોય તે જ સાચું ચારિત્ર્ય ઘડતર અને સાચી કેળવણી છે.

તમામ ગરીબાઈમાં સર્વોપરિ ગરીબાઈ મનની છે. મનથી માણસ ગરીબ અને મનથી જ માણસ સમૃદ્ધ. આર્થિક ગરીબાઈ પરિશ્રમ વડે દૂર કરી શકાય. નૈતિકમૂલ્યોને જીવનમાં ઉતારી સંસ્કારિતાની ગરીબાઈને હડસેલી શકાય. જીવનના પાયાના મૂલ્યોમાંથી પ્રેરણા અને બળ મેળવતો જીવનમાર્ગ તે ચારિત્ર્ય ઘડતરનો માર્ગ. ચારિત્ર્ય ઘડતર કરવું સંસ્કારનું સિંચન કરવું, આર્થિક ગરીબાઈથી મુક્ત થવું આ સઘળું માનવ મન પર નિર્ભર છે. પણ આ માનવ મન જ ગરીબ હોય તો શું? એની ગરીબાઈનો ઉકેલ શું? આદર્શની વાતો કહ્યા કરવી એના કરતાં તેનો અમલ પોતે કરવામાં વધુ શાણપણ છે. મનની કલુષિતતા સ્વાર્થ, લોભ, સંકુચિતતા તરફ દોરી જાય છે. તંદુરસ્ત મનનું નિર્માણ એ આજની તાતી જરૂરિયાત છે. યુવાધન તંદુરસ્ત મન ધરાવતું હશે તો એમની શક્તિને મિથ્યા પ્રલોભનોમાંથી મુક્ત કરીને રચનાત્મક માર્ગે વાળી શકીશું. કારણ યુવાનીનો કાળ વિકાસ અને ઘડતરનો કાળ છે. ગુણ અને જ્ઞાનના જે બીજ યુવાનીમાં વવાય છે તે સદવર્તન ને સદ્‌વાણી રૂપે પ્રફુલ્લિત બને છે ને ઉદાત્ત જીવન પરંપરારૂપે પરિપકવ થાય છે. મન અને હૃદયની યોગ્ય કેળવણી યુવાનને શ્રદ્ધાભર્યા ખમીરવંત માનવી બનાવે છે. પાંચ હજાર વર્ષ જૂની આપણી સનાતન સંસ્કૃતિના સાતત્યને આ નિત્ય પરિવર્તનશીલ સમયમાં જાળવી નવા ઉપયોગી વહેણોને આત્મસાત કરી સંસ્કૃતિના પ્રવાહને સદા તાજો અને વહેતો રાખવાનું કાર્ય અડગતાથી કરીશું તો જ આપણો જય છે. અને એને માટે જરૂરી છે દ્રઢ મનોબળ, સંકલ્પશક્તિ, આત્મવિશ્વાસ, શ્રદ્ધા અને પરિશ્રમ.

વિકટર હ્યુગોનું નિમ્નલિખિત વિધાન માનવ ગરીબાઈ માટે કેટલું સૂચક છે-

***"ગરીબાઈ એ કેવી અદ્‌ભૂત અને ભયંકર અગ્નિપરીક્ષા છે,***
***જેમાંથી નબળાઓ તુચ્છ બનીને બહાર પડે છે અને સબળાઓ ભવ્ય બની ને !"***

*** 

શિક્ષણ એ અનુભવોને સતત અને ફરી ફરીને ગૂંથતા જઈને જીવવાની એક પ્રક્રિયા છે. પોતાની બીજભૂત શક્યતાઓ પામવામાં અને વાતાવરણ પર કાબૂ મેળવવામાં મદદ કરે એવી વ્યક્તિની તમામ શક્તિઓનો વિકાસ તે શિક્ષણ.

- જ્હોન ડ્યૂઈ



Scanned with CamScanner

## English Teaching : make it interesting.

*Pravin Master*
*(Lecturer)*

To some extent pupils hate to learn English, dislike it and feel it difficult. To some extent teachers too experience the same. Especially, the teaching and learning English grammar is found difficult and boring. Teachers give some rules and examples. Sometimes they explain the concepts too or compared English grammar with the grammar of their Lg.1

But with a little awarness, an English teacher can make English teaching interesting and sometimes easy too. Many educationists emphasize on element of fun and element of interest. What should be done to make a period more lively? In some language games we will find the answer. Through language games a teacher can provide many opportunities for pupils to use the language. There are many advantages of using language games. some of them are :

* they can banish boredome;
* provide interest, fun and variety to the lesson;
* improve motivation;
* create pleasant, informal and relaxed atmosphere;
* promote communication in the classroom.

The use of language games will depend on the level, age and interests of the pupils. English teachers could be master over these games. With a little effort and awakening, a teacher can make his class cheerful, active and lively.

### Language Games :

1 ***Guessing Games :***

a Guessing objects in a bag.
b Guessing an object while blindfolded.
c Guessing an object behind one's back.
d Guessing a wrapped object
e Guessing an object hidden on the teacher's desk.

These are quick and easily organized games and useful in the early stages. The children have to guess about the hidden objects. These games can be used for various structures and new words.

2 ***Draw and Guess :***

The teacher or a pupil draws an object step by step. At any point a pupil can guess what the object is, If he is right, he takes over and draws something. This involves a conversion between two pupils which could be quite simple :

It is a________? No.
It is a________? Yes.
Well, what do you think
I'm drawing?

I'm not sure but I think.
It's going to be a ________
I'm afraid you're wrong.
It's not a________
It's a _______
(This is more complex)

3 ***Add on :***

This is played with pictures, read objects or verbal clues or objects.

Pupil 1 : I see a railway station
2 : I see a railway station and a bus station.
3 : I see a railway station, a bus station and a cinema theatre.

-OR-

Pupil 1 : I can speak.
2 : I can speak English.
3 : I can speak and read English.
4 : I can speak, read and write English.

-OR-

Pupil 1 : I went to zoo and saw a lion.
2 : I went to a zoo and saw a lion and a tiger.
3 : I went to a zoo and saw a lion, a tiger and a chittah.

(sentences, structures may be changed according to the subject or theme)

4 ***Give a Meaning :***

This game may be used for different structures. The teacher writes/speaks

'I am a student.'

The students are asked to change the meaning by adding one word only.

eg. I am a good student.

5 ***Earth, Air and Sea :***

(for vocabulary)

The pupils sit in a circle. The leader throws a knotted handkerchief to one of the players saying 'earth' (or Air or Sea). The pupil who has got the handkerchief has to give the name of an animal that lives on the land or in the sea. The pupil is out if he does not say it immediately, or makes a mistake.

Teachers should always find out some games and activites through which they can make teaching effective.

* * *

There are three focal points in Eduction : The teacher, the child and the subject. Teaching in the first place; is the relationship established between these three. We have a teacher; He is an adult. We have a child and a subject. Teaching is the process by which the adult brings that subject and child together.

*W.M. Ryburn*



Scanned with CamScanner

# જીવનમાં હતાશાની માત્રા ઘટાડવા ઈચ્છતા વિદ્યાર્થી મિત્રોને

પ્રા. જયંત એ. શાહ

વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

આજે આપણે સૌ જે યુગમાં જીવી રહ્યાં છીએ તે "સ્પર્ધાનો યુગ" કહેવાય છે. આપણા પૂર્વજો એ જે જીવન વીતાવ્યું તેમાં સ્પર્ધાનું તત્વ નહિવત્ત હતું. ચીનના તત્ત્વવેત્તા મહાત્મા લાઓત્સે તો એમ કહેતા કે, "હું જિંદગીમાં કદી હાર્યો જ નથી, કારણ કે મેં જિંદગીમાં કદી જીતવાની કોશિશ જ નથી કરી." સ્પર્ધાત્મક વલણ ઓછું હોય તો હતાશાઓ પણ ઓછી સહન કરવી પડે છે. પરંતુ દિવસે દિવસે આપણા પર પશ્ચિમની સંસ્કૃતિ એવી મજબૂત પકડ ધરાવતી જાય છે કે, જીવનની શરૂઆતથી બાળકમાં સ્પર્ધાના ખ્યાલોનું વાવેતર કરવામાં આવે છે. જે ધીમે ધીમે જીવનમાં એની ઊંઘ હરામ કરી દે છે. સત્તા અને સંપત્તિ, પદ અને પૈસા, માન અને મોભાની ઉંદર દોડ (Rat Race) માં આપણે સૌ પડયા છીએ. આ દોડમાં બધા જ સફળ થઈ શકતા નથી અને વ્યક્તિને હતાશા ઘેરી વળે છે. આ હતાશા અનિવાર્ય પણે સૌના જીવનમાં આવે છે. જો તેનું પ્રમાણ જીવનમાં વધી જાય તો વ્યક્તિ માનસિક વિકૃતિઓનો પણ ભોગ બની શકે છે. આથી આ હતાશાનું પ્રમાણ ઘટાડવા આપણે સજ્જતા કેળવવી જરૂરી છે. આ સજ્જતાના ભાગરૂપે કેટલાક જરૂરી ઘટકોને ઓળખવા પ્રયત્ન કરીએ.

### પુરુષાર્થ

### એકાગ્રતા

### સમય પાલન.

જીવનમાં પુરુષાર્થ મહત્વનું પરિબળ છે. મારા ગ્રહો નબળા હોવાથી હું શું કરી શકું? એવા વિચારો નબળા મનનાં વ્યક્તિઓ માટે હોય છે. જ્યારે જયોતિષ વિદ્યા એમ જણાવતી હોય કે, અમુક બાબતની પ્રાપ્તિ અર્થે અમુક લાખ જપ કરવાથી લાભ થશે. ત્યારે આ પ્રકારના અવૈજ્ઞાનિક ઉપાય અંગેનો ખ્યાલ છોડીને જો સતત પુરુષાર્થ કરવામાં આવે તો પુરુષાર્થનું બળ શું છે, તેનો પરચો સ્વયં અનુભવી શકશો. એક રીતે જોઈએ તો પ્રારબ્ધ એ કંઈ આપણા હાથની વાત નથી. જો વિધાતા એ અગાઉથી નક્કી જ કર્યું હોય તો, આપણે તો માત્ર પુરુષાર્થ જ કરી શકીએ. એટલે કે પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું રહેશે. આથી, ખરેખર તો વ્યક્તિએ આત્મવિશ્વાસ રાખી પોતાના કર્મમાં દ્રઢ બનવું જોઈએ. વર્તમાન પત્રો કે ટી. વી. પર જાણવા મળતા ભવિષ્યને આધારે નિર્બળ થઈ હતાશ થવું નહીં. પરંતુ જ્યારે આપણે ભવિષ્ય નબળું છે એમ જાણવા મળે, ત્યારે તો જરૂરથી એ ભવિષ્યવાણી ખોટી ઠેરવવા પ્રબળ પુરુષાર્થ કરવો જોઈએ. સ્વાનુભવના આધારે હતાશાથી વિમુખ બની શનિની સાડા સાતી, મંગળ કે રાહુ કેતુની દશા વિશેના ખ્યાલોથી મુક્ત થવું જોઈએ. કારણકે આ ગ્રહોનું સર્જન કરનારી શક્તિ તેને જ મદદ કરે છે. જે હિંમત રાખી પોતાના પુરુષાર્થમાં અડગ હોય છે. ભૂતકાળમાં પણ કેટલાયે મહાપુરુષો પુરુષાર્થના બળથી જીવનમાં હતાશાનો સામનો કરી સફળ થયા છે. મહાકવિ કાલિદાસ મંદ બુધ્ધિના હતા છતાં રઘુવંશ અને શાકુંતલ જેવી શ્રેષ્ઠ કૃતિઓ જગતને ભેટ ધરી છે. એક ગરીબ કુટુંબમાં નેપોલિયને જન્મ લીધો હતો. એક સૈનિક તરીકે નોકરીની શરૂઆત કરી અને પ્રબળ પુરુષાર્થના આધારે તેઓ સમગ્ર ફ્રાન્સના અધિપતિ બન્યા. અને પંદર વર્ષ સુધી યુરોપ પર શાસન કર્યું. "અસંભવ" શબ્દ જ મૂર્ખ લોકો માટે છે, એવું તેઓ કહેતા. આપણા નજીકના ભૂતકાળમાં વિશ્વયુદ્ધ દરમિયાન તારાજ થઈ ગયેલા જાપાન અને જર્મની જેવા દેશો પ્રબળ પુરુષાર્થ દ્વારા સમૃદ્ધિની દિશામાં હરણફાળ ભરી રહ્યાં છે, આ પ્રકારની હકીકતોમાંથી આપણે પ્રેરણા લેવી જોઈએ. ઉમદા વ્યક્તિઓના જીવનચરિત્રો, આત્મકથાઓનું વાંચન કરવાથી જીવનમાં જરૂરી એવું માર્ગદર્શન અવશ્ય પ્રાપ્ત થાય છે.



Scanned with CamScanner

બીજી બાબત છે એકાગ્રતા. ઘણાં વિદ્યાર્થીઓ એવી ફરિયાદ કરતા હોય છે કે, અમે મહેનત તો ખૂબ કરીએ છીએ પણ નિષ્ફળતા જ સાંપડે છે. તો તેના મૂળમાં એકાગ્રતાનો અભાવ જવાબદાર પરિબળ છે. એકાગ્રતા સાધવી અશક્ય નથી. નાની મોટી અવનવી ચીજોનું સર્જન કરનાર વ્યક્તિ પોતાના કાર્યમાં કેવો લીન થઈ જતો હોય છે, એ આપણે માટીના વાસણ બનાવનાર, દરજીકામ કરનાર, રસોડામાં રસોઈ કરનાર કે પછી કોમ્પ્યુટર પર પ્રોગ્રામીંગ માટે બેઠેલ વ્યક્તિના કાર્યમાં જોઈ શકીએ છીએ. જો એકાગ્રતા ન હોય તો આધુનિક મશીનો પણ અસ્વસ્થ ચિત્તની વ્યક્તિને મદદ કરી શકે નહિ. જો ઈનપુટ જ અયોગ્ય હોયતો યથાર્થ આઉટપુટની અપેક્ષા રાખવી એ તદ્દન અસ્વાભાવિક છે. એક વ્યક્તિ કેદિયો બને તો એક પુરુષ ફેક્ટરીનો માલિક, એક સામાન્ય ભક્ત તો એક મહાન પુરુષ. એક પટાવાળો તો એક સાહેબ. આમ થવાનું મુખ્ય કારણ જુદી જુદી વ્યક્તિઓમાં જોવા મળતી એકાગ્રતાની વિવિધ માત્રાને કારણે જ કહી શકાય. આ માત્રાની વિભિન્નતા શા માટે જન્મે છે તે જાણો છો? કારણકે દરેક વ્યક્તિને તે ક્ષેત્રમાં અભિરૂચિની માત્રાનો તફાવત હોય છે તેથી એકાગ્રતા સાધવા માટેની પહેલી શરત છે અભિરૂચી. બીજું, મન અને શરીર સ્વસ્થ હોય તે જરૂરી છે. તિરસ્કાર, ક્રોધ જેવા નકારાત્મક આવેગો પણ એકાગ્રતાને રૂંધી નાંખે છે. એકાગ્રતા એ એવી બાબત છે જેને મહાવરા દ્વારા વધુ દ્રઢ અને સ્થિર બનાવી શકાય છે. આપણે આપણું દરેક કાર્ય કરતી વેળા એવા લીન થવું જોઈએ કે કાર્ય સિવાયની જગતની સમગ્ર બાબત વિસરાઈ જાય.

આ એકાગ્રતા પ્રાપ્ત કરવા પરાપૂર્વથી જુદી જુદી પધ્ધતિઓનો ઉપયોગ થતો જોવા મળે છે. એમાંની એક સરળ પધ્ધતિ વડે આપણે ચિત્તને સ્થિર અને એકાગ્ર કરવા માટે કંઈક અંશે સફળ થઈ શકીએ. આ માટે "આંખો બંધ રાખી, શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કરવું. શ્વાસ બની શકે એટલાં ઊંડા લેવા પ્રયત્ન કરવો. શરૂઆતના તબક્કામાં ૧ થી ૨૦ સુધી ગણતરી કરી શકાય. ત્યાર બાદ પોતાની અનુકૂળતા મુજબ સમયમાં વધારો કરી શકાય. આ પ્રક્રિયા દ્વારા ચિત્તની એકાગ્રતા કેળવવામાં અવશ્ય લાભ થાય."

આ ઉપરાંત જીવનમાં સમય પાલનનું પરિબળ ખૂબ ઉપયોગી છે. કોઈપણ ક્ષેત્રમાં સફળતાને શિખરે પહોંચેલ વ્યક્તિને ધ્યાનથી તપાસજો તો ખબર પડશે કે, તે વ્યક્તિ સમયનો ખૂબ જ અસરકારક ઉપયોગ કરતી હોય છે. પરીક્ષા તદ્દન નજીક આવી પહોંચી હોય ત્યારે સૌ ઘડિયાળનો સાચો ઉપયોગ કરી સમયનો પૂરો હિસાબ રાખતા હોય છે. અને આ પરીક્ષાના નજીકના એક અઠવાડિયાની રોજનીશી તપાસી હોય તો ખબર પડે છે કે, આપણે સમયનો કેટલો ચીવટાઈથી ઉપયોગ કર્યો હોય છે. એ જ રીતે કાયમ માટે સમયના ઉપયોગની વ્યવસ્થા જો કરી શકાય તો સફળતાના માત્ર સરવાળા નહીં પણ ગુણાકાર થતા જાય, અને હતાશાના ભાગાકાર સરળ રીતે થઈ જાય. આ માટે એક રોગી જેમ કાળજીપૂર્વક નિયમિત દવા લતો હોય છે, તે રીતે દૈનિક કાર્યક્રમની યોજના બનાવવી જોઈએ. એક નાનકડી ડાયરી હંમેશા સાથે રાખવી જોઈએ. વિવિધ કાર્યોને તેની અગત્યતા મુજબ ક્રમ આપવો જોઈએ અને દિવસના અંતે અંગત ડાયરીમાં વિવિધ નોંધ કરવાની ટેવ પાડવી જોઈએ. ડાયરી એ વ્યક્તિને સ્વદર્શન માટેનું ઉત્તમ સાધન છે.સોક્રેટીસે કહ્યું હતું કે, ***"તું તારી જાતને ઓળખ."*** તો આ મહાવાક્યને સાચા અર્થમાં પામવું હોય તો આત્મ નિરીક્ષણ માટેનું એક માત્ર સાધન છે, દૈનિક નોંધપોથી.

જીવનમાં પ્રસન્નતાપૂર્વક દિવસો વિતાવવા હોય તો, આ પ્રકારના વિવિધ ગુણોની ખીલવણી પ્રત્યે જાગ્રત રહી એ પ્રકારનાં પુસ્તકો, વ્યક્તિઓના સમાગમમાં આવી યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત કરતા રહેવાથી જીવનમાં હતાશાની માત્રા જરૂર ઘટાડી શકાશે, અને જીવનમાં નિરાશા નહીં આશા, શોક નહીં અશોક, નિષ્ફળતા નહીં સફળતા, ઉદાસીનતા નહીં પ્રસન્નતા, જેવા હકારાત્મક ભાવ આપ વધુ પ્રમાણમાં અનુભવી શકશો. આ માટે જીવનમાં સ્વપ્રયત્નોની સાથો સાથ અંતરથી અંતર્યામીને અરજ (પ્રાર્થના)નું પ્રસાદ સંગીત પણ હંમેશા વહાવતા રહેવું. આપનો સહુનો અંતર્નાદ અંતર્યામી સુધી જરૂર પહોંચે, અને જીવનનાં વિવિધ ક્ષેત્રોમાનું ખેડાણ આપ સફળતાપૂર્વક કરી શકો એવી શુભકામના.*



Scanned with CamScanner

# રાષ્ટ્રીય એકતા માટે શાસ્ત્ર (શિક્ષણ) જ ઉપાડવું પડે.

*- પ્રા. પ્રફુલ્લસિંહ જે. રાજ.*

રાષ્ટ્રીય એકતા (ભાવાત્મક એકતા) આજે ભારતનો પ્રાણપ્રશ્ન બન્યો છે. કોઈપણ દેશમાં શાંતિ અને એકતા વગર સ્થિર રીતે પ્રગતિ સાધી શકાય નહીં તે નિર્વિવાદ બાબત છે. "કૃણ્વંતા વિશ્વં આર્ય"ની ગર્જના કરવાવાળા આપણા ઋષિઓ(મહામાનવો) "વસુધૈવ કુટુંબકમ્"ની ભાવના આખા વિશ્વમાં લઈ ગયા હતા. સમાજજીવન, ઉદ્યોગો, ખેતી, ધર્મ વગેરેની બાબતમાં ભારત વિશ્વને માર્ગદર્શકરૂપ હતું. અને આજે એક વખતનું બધી જ બાબતમાં ધનિક એવું રાષ્ટ્ર સાવ "ગરીબ" બની બેઠું છે. વૈચારિક દુષ્કાલમાં પીડાતું રહેલું છે. રાષ્ટ્રીય એકતાના મહત્વ અને સમજ માટે ટી.વી. પર કાર્યક્રમો આપવા પડે અને શાળા કૉલેજમાં તેનાં પાઠો રાખવા પડે એ આજના ભારતની મોટામાં મોટી કમનસીબી નથી? છેલ્લા ૧૦-૧૫ વર્ષથી બનતી ઘટનાઓને લીધે શાસકો-સુધારકો,શિક્ષણકારોની આંખો ખૂલી છે. અને તેઓ રાષ્ટ્રીય ઐક્ય બાબતમાં કંઈ કરવું જોઈએ તેવું વિચારતા થયા છે. પરંતુ તેમણેસૂચવેલા પગલાં અધૂરાં, અપૂરતાં અને માત્ર કાગળ પર જ રહ્યાં છે.

ભારતને તેની પરિપક્વતા પ્રાપ્ત કરવામાં ઘણા બધા પરિબળો અવરોધરૂપ છે; ભૌગોલિક વિષમતા એક પરિબળ ખરું જ. થોડાક શહેરો અને બીજી બાજુ ખૂબ નાના ગામડાં, પહાડો અને મેદાનો, પાણીથી ભરપૂર નદીઓ અને ચોમાસા બાદ કોરી નદીઓ, રણ પ્રદેશ અને ૫૦૦ ઇંચ વરસાદના પ્રદેશો વગેરે ભૌગોલિક અસમાનતાઓ ઉપરાંત ઐતિહાસિક બાબતો પણ અવરોધરૂપ રહી છે. સાંસ્કૃતિક વિકાસની પાછલી સદીઓમાં આ દેશે ઘણી બધી વિદેશી પ્રજાના આક્રમણો સહન કર્યા. આજે આ દેશમાં સળગતા બની રહેલા જ્ઞાતિવાદ, ભાષાવાદ, પ્રાંતવાદ, રાજકીય પક્ષોની વિપુલતા, ધર્મસંપ્રદાયના મતભેદો, ઊંચનીચ, ગરીબ-તવંગર, ભણેલા-અભણના ભેદોને લીધે સામાજિક તંગદિલી વધી છે. અને રાષ્ટ્રીય એકતાનો પ્રશ્ન વિકટ બન્યો છે.

ભૂતકાલિન દૂષણો, અધર્મ, જ્ઞાતિભેદ, અસ્પૃશ્યતા, સ્ત્રીની હીન દશા વગેરેને લીધે સામાજિક તંગદિલી ઊભી થઈ છે. સમાજ ભેદભાવમાં રાચતો થયો છે. આજે તો એકબીજાનું ગળું કાપવા સુધી વાત પહોંચી છે. વળી, લૂલી લોકશાહી શાસન વ્યવસ્થાએ તંગદિલી ઊભી કરી છે.લોકશાહીમાં સત્તા માટે ચાલતાં ગજગ્રાહ,ધારાસભ્યો વગેરેની તકસાધુતા, અમલદારોની રૂશ્વતખોરી, વગેરેને લીધે ગંદુ રાજકારણ જિલ્લો-તાલુકો છોડી સામાન્ય માણસના ઘર સુધી પહોંચી ગયું છે. ગંદા રાજકારણને લીધે જ્ઞાતિ, ધર્મ, જાતિ અને પૈસાનું વર્ચસ્વ ઊભું થયું છે.

લોકશાહીએ જગાડેલી અપેક્ષાઓ અને એને સંપૂર્ણપણે સિદ્ધ કરવાની અશક્તિને લીધે તંગદિલી વધતાં રાષ્ટ્રીય એકતા પર વિઘાતક અસરો પહોંચી છે. સરકાર દ્વારા પછાત જાતિઓના ઉદ્ધાર માટેના પ્રયાસો, કેળવણી અને રોજગારી વધારવાના પ્રયાસોને લીધે આમજનતાની અપેક્ષાઓ વધતી ગઈ. અપેક્ષાઓ અને સિદ્ધિ વચ્ચે અંતર વધતું ચાલ્યું, લોકોની જીવનધોરણ ઊંચું લઈ જવાની ઝંખના તીવ્ર બનતી ગઈ. આ ઝંખના પૂરતા પ્રમાણમાં ન સંતોષાતા નિભ્રાંતિ અને હતાશા આવી. એમાંથી કડવાશ જન્મી. અંતે હિંસાના રૂપમાં ફેરવાઈ ગઈ.

વળી, ભારતમાં લઘુમતિઓમાં પોતાના અધિકારો વિશેની તીવ્ર સભાનતા ઊભી થઈ છે. સરકાર અને રાજકીય પક્ષો દ્વારા તેમને અનેક પ્રલોભનો આપી પંપાળવામાં આવી રહી છે. રાજકીય સમાજનું અનેક જૂથોમાં વિભાજન અને લઘુમતિઓમાં વધતી જતી અધિકારોની સભાનતા એ લોકશાહીની સ્થિરતા અને રાષ્ટ્રીય એક્તા માટે ભયકારક છે.

લોકોની આર્થિક અવદશા, રાજકીય તકવાદ, રુશ્વતખોરી, અપ્રમાણિકતા, કૂપમંડૂકતા, બિન જવાબદારી અને સ્વાર્થીપણું જેવા અનિષ્ટો આપણા દેશમાં વધતાં ગયાં છે. ભણેલાં પણ આવાં અનિષ્ટોની જાળમાં ફસાયા છે.અલગતાવાદી પ્રવૃત્તિઓ, કામદારો અને વિદ્યાર્થીઓના હિંસક તોફાનો, કોમી રમખાણો વગેરે રાષ્ટ્રની એકતા પર કુઠરાઘાત કરે એવી ખતરનાક પ્રવૃત્તિઓનું ઝેર દેશભરમાં ફેલાતું જાય છે.

કોઈ પણ દેશમાં સ્થિરતા સાથે ઝડપી પ્રગતિ ત્યારે સાધી શકે જ્યારે તે દેશમાં આંતરિક સ્થિરતા જળવાતી હોય. ભારત દેશમાં આપણે ઉપર ચર્ચા કરી તે કારણોને લીધે સામાજિક તંગદિલી વધી છે. અને રાષ્ટ્રીય એકતા ખોરવાઈ ગઈ છે. આઝાદી પછી આપણા દેશમાં કહેવાતા સમાજ સેવકો અને દંભી રાજકારણીઓએ આ પ્રશ્ન બાબતે એટલું બધું બગાડ્યું છે કે તેને સુધારતાં સુધરતાં વર્ષો નીકળી જશે. આ માટે "આપણે સૌ એક દેશના નાગરિકો છીએ" એવી ભાવના પ્રત્યેક હૃદયમાં પ્રગટાવવી પડશે. માણસ માણસને એક કરવા પડશે.

આજે માણસને માણસની નજીક લઈ જવામાં, રાષ્ટ્રીય એકતા સાધવામાં વિજ્ઞાન અને રાજકારણ નિષ્ફળ ગયા છે. અરે, આજનો કહેવાતો ધર્મ પણ નિષ્ફળ ગયો છે. ત્યારે માણસને એક કરવાનું કામ કોણ કરશે? કોના શરણે આપણે જઈશું? ડૉ. રાધાકૃષ્ણ કહે છે,



Scanned with CamScanner

***'રાષ્ટ્રીય એકતાનું ચણતર ઈંટ અને ચૂનાથી ન થઈ શકે, પરંતુ એતો ખૂબ શાંતિથી મનુષ્યના હૃદયમાં અને મનમાં વિકસવી જોઈએ. એ પ્રક્રિયા જ શિક્ષણની ખરી પ્રક્રિયા છે.'***

આ પ્રશ્નનો ઉકેલ લાવવા માણસોના હૃદય સુધી પહોંચવું પડે. એક જ વખત નહીં પણ વારંવાર પહોંચવું પડે. કેવળ વાણી વિલાસ કરીને નહીં પણ સદવર્તન દ્વારા પહોંચવું પડે. આ ભગીરથ કાર્ય આજે સાચું શિક્ષણ અને શાસ્ત્રો જ કરી શકશે બાકી કોઈ પાસે આશા રાખવી વ્યર્થ છે.

નવી પેઢીમાં રાષ્ટ્રીય એકતા ઊભી કરવાથી અને તેને દ્રઢ કરવાથી જ આ પ્રશ્ન લાંબા ગાળે હલ થઈ શકે. શિક્ષણમાં પૂર્વ પ્રાથમિકથી માંડીને યુનિવર્સિટી સુધીના અભ્યાસમાં આ પ્રશ્નને લગતી બાબતો, પ્રવૃત્તિઓ આમે કરી લેવી જોઈએ. પ્રાથમિક અને માધ્યમિક સ્તરે આ કાર્ય સુંદર રીતે થઈ શકે. બાળકો આ સમજની સારી એવી કક્ષાએ પહોંચ્યાં હોય છે. બાળકોમાં સહિષ્ણુતા, સંવેદનશીલતા, લાગણીશીલતા, સમજદારી, કૃતજ્ઞતા આ સ્તરે ખીલવવાની જરૂર છે. પરંતુ સાથે એ બાબત પણ સાચી જ છે કે,રાષ્ટ્રીય એકતાના પાઠો રાખી દેવાથી કંઈ વળશે નહીં. શિક્ષણની સાથે સંબંધકર્તા-શિક્ષકો, વાલીઓ, સંચાલકો અને સરકારે પણ આ બાબતમાં અનુકરણીય વર્તન કરી દ્રષ્ટાંત પુરાં પાડવાં ઘટે.

શિક્ષકોએ વર્ગમાં રાષ્ટ્રીય એકતાનાં ગીતો ગવડાવી-ભણાવી છટકી જવાનું નથી. સૌ પ્રથમ તો શાળા કૉલેજમાં તેઓએ "એક જ કુટુંબના સભ્ય છીએ" તેવી ભાવનાથી કામ કરી દેખાડવું પડે. વળી વિદ્યાર્થીઓને વિવિધ અનુભવો પૂરા પાડી ધર્મ, જ્ઞાતિ વગેરેના ભેદભાવો ભૂલાવી દેવા જોઈએ. શિક્ષકો હૃદયથી કામ કરી શકે તો આ કામ સરળ છે.

ભાવાત્મક એકતા એ હૃદયને સ્પર્શતો પ્રશ્ન છે. લોકોના હૃદય સુધી પહોંચવાનું કામ 'શાસ્ત્ર' જ કરી શકે. શાસ્ત્ર જ માનવને તેનો સાચો ધર્મ બતાવે. આજે જ્યારે ધર્મ અને સાંપ્રદાયોને લીધે રાષ્ટ્રીય એકતા પર જોખમ ઊભું થયું છે. ત્યારે "આપણે સૌ એક જ પિતાના સંતાન" આ વિચાર ઘરે ઘરે, વ્યક્તિએ વ્યક્તિએ લઈ જવાનું કામ મહાપુરુષો, સંતો જ કરી શકે. સાચા સંતોનું સ્થાન લોકોના હૃદયમાં હોય છે. ત્યારે

"Divin brother-hood of man under the father-hood of the god."

નો વિચાર સદવિચાર તેઓ દ્વારા ગામે-ગામ, ગલીએ-ગલીએ, ઘરે-ઘર પહોંચે તો ધર્મ સંપ્રદાયના ઝઘડા તો ઠીક, બધા જ પ્રશ્નોનું નિરાકરણ આવી શકે. સાચા ધર્મની અંદર વ્યક્તિ, કુટુંબ, રાજ્ય દેશ અને વિશ્વના વિકાસની વાત આવી જ જાય. માનવ માનવને જોડનારી સ્વાધ્યાય પ્રવૃત્તિના પ્રણેતા પૂજ્ય પાડુંરંગ શાસ્ત્રી આઠવલેના શબ્દોમાં કહીએ તો **"કોઈપણ ધર્મમાં સર્વધર્મ સમભાવ જ નહીંપણ સર્વધર્મ સ્વીકાર આવવો જોઈએ."** સર્વધર્મ સમભાવમાં આપણે અળગા રહીએ છીએ. પણ પ્રત્યેકની સર્વધર્મ સ્વીકારની તૈયારી હોવી જોઈએ. ધર્મ એ જીવનને વળાંક આપવા માટે છે: તેથી તે આવશ્યક છે. ધર્મ એ મા જેવો છે. જેમ મા બાળકને ઉછેરે તેમ ધર્મ વિના બાળકનું ઘડતર કોણ કરે? બાળકને 'મોરાલિટી કોડ ઓફ કંડક્ટ' કોણ સમજાવશે? આજે ભણેલા લોકોએ ધર્મનો વિચાર જ છોડી દીધો છે. અનેતે વ્યક્તિગત રીતે કરવાનો છે તેમ સમજે છે. વૈયક્તિક રીતે ધર્મ આચરો અને ભક્તિ કરો તેમ કહે છે. પણ ફક્ત આ વૈયક્તિક બાબત નથી. 'ભક્તિ ઈઝ સોશીયલ ફોર્સ' ભક્તિથી બધી જ સમસ્યાઓ ઉકલી શકે છે. પૂ. પાડુંરંગ શાસ્ત્રી આઠવલેજીએ ભક્તિની બેઠક ઉપર કામ કરીને-કરાવીને ધર્મ, જાતિ ભાષા, પ્રદેશ, ઊંચનીચ, ગરીબ, તવંગર, ભણેલા-અભણ વગેરેના ભેદભાવ દૂર કરવાનો તેમનો પ્રામાણિક પ્રયત્ન છે.તેમણે "આપણે સૌ એક જ પિતાના સંતાનો"નો મંત્ર આપી, માણસમાં માણસાઈનું વાવેતર કર્યું છે. જે શક્તિએ મને નિર્માણ કર્યો તેટલો જ બીજાને પણ નિર્માણ કર્યા પછી ભેદભાવ શા માટે? આ ભેદના છેદ ઊડાડનાર વિચાર ધીરે ધીરે સમાજમાં આવતો જાય છે. વ્યક્તિમાં આત્મગૌરવ અને પર સન્માનની ભાવના ઊભી થતી જાય છે. "લોહી જુદાંને વળી જાતો અનેક છે." લોહી બનાવનારો સૌનો તો એક છે.

આ પાયાનો અને ક્રાંતિકારી વિચાર ધીરે ધીરે ગુંજતો થાય તો ભાવાત્મક એકતા આપોઆપ સધાય જાય. લોકોમાંથી પારકાપણું કાઢવાની જરૂર છે.

આજે આપણે સૌ પ્રથમ માનવી છીએ, ત્યાર બાદ ભારતીય છીએ. પછી જ અમુક ધર્મના છીએ એવી લાગણી ઊભી થવી જોઈએ. પ્રથમ બેઠક 'પ્રભુનું ઉત્કૃષ્ટ સર્જન માનવ છે.' તેને આપીએ બીજી બેઠક "દુર્લભં ભારતે જન્મં"ને આપીએ અને ત્રીજી બેઠક ભલે ધર્મને આપીએ પણ તે 'માનવ ધર્મ'ને આપીએ. આજે જ્યારે વિદ્યાર્થીઓ કે ભાવિ નાગરિકો છે તેમને જીવનનું ભાથું ક્યાંક મળતું નથી ત્યારે શિક્ષણમાં જીવનલક્ષી બાબતોને વણી લેવાની તાતી જરૂર છે. શિક્ષણમાંથી જીવનલક્ષી બાબતોની જ્યારથી ઉપેક્ષા થઈ છે. ત્યારથી ભાવાત્મક એકતાનો અભાવ અને બીજી ઘણી સમસ્યાઓનો જન્મ થયો છે. માણસની બુદ્ધિને સદવિચારનું સ્નાન વારંવાર કરાવવું પડશે. આ માટે ભારતના પ્રત્યેક નાગરિકે ઉઠવાનું છે, જાગવાનું છે, ને કામે લાગવાનું છે. વળી, શિક્ષિતોની બહુ મોટી જવાબદારી છે. વ્યક્તિ વ્યક્તિમાં માનવધર્મ લઈ જવા, કટિબદ્ધ થવાનું છે. રાષ્ટ્રીય એકતાનો પ્રશ્ન લોકોના હૃદય સુધી સદ્‌વિચારો લઈ જવાથી જ ઉકલી શકે.

* * *

# શિક્ષણની રાષ્ટ્રીય પ્રસ્તુતતા

*પ્રિ. ડૉ. ડી. જી. નાયક*

શિક્ષણમાં આજે સર્વત્ર ઉચાટ છે. સર્વત્ર આપણને ખામી દેખાય છે. આજે શિક્ષણનાં અંગોમાં આપણને ઉદાસીનતા નજરે પડે છે. આજે ઉચ્ચ શિક્ષણને બદલે નિમ્ન શિક્ષણ મળી રહ્યું છે.

આપણા રાષ્ટ્રની જે સમસ્યાઓ છે, તે સમસ્યાઓના મૂળમાં શું છે? કોઈને રોગ થયો હોય તો રોગી ડોક્ટર પાસે જાય, ઉપચાર બરાબર કરવામાં આવે તો તે સાજો થાય. નિદાન જ બરાબર ન કરવામાં આવે તો દર્દીનું મૃત્યુ પણ થાય. આ જ રીતે શિક્ષણમાં નિદાન થાય છે તેનો ઉપચાર યોગ્ય રીતે થવો જોઈએ, તે બાબતમાં શિક્ષણશાસ્ત્રીઓ નિષ્ફળ ગયા છે. રાષ્ટ્રની કોઈ ચોકક્સ પ્રકારની તરાહ નથી. એટલે જ્યાં સુધી શિક્ષણની કોઈ સંગીન પ્રણાલી કે પ્રથા ઊભી ન થાય, ત્યાંસુધી સમસ્યાઓનું નિવારણ કરવું અશક્ય છે. રાષ્ટ્રને જો સંગીન બનાવવું હોય તો પ્રથમ ધ્યાન શિક્ષણ પર આપવું પડે, તે રાષ્ટ્રની કરોડરજ્જુ છે. રાષ્ટ્રની આકૃતિ વિકૃત થવાનું કારણ શિક્ષણમાં વિકૃતિ દાખલ થઈ છે. જે પ્રણાલી દાખલ થઈ હતી તેમાં અંગ્રેજી શિક્ષણ પ્રથાની પ્રણાલી ચાલુ રહી, તેના કારણે વિકૃતિ વધતાં રાષ્ટ્રની આકૃતિ આપણે સુડોળ બનાવી શકયા નથી. રાષ્ટ્ર સમક્ષ અનેક સમસ્યાઓ છે. રાષ્ટ્રને કોરી ખાતી સૌથી મહત્વની સમસ્યા હોય તો આજે રાષ્ટ્ર સંપહીન થયું છે. સરદાર પટેલની જે કલ્પના હતી, તેમાંથી ધીરે ધીરે પ્રદેશવાદ, જ્ઞાતિવાદ, આતંકવાદ જેવાં દૂષણો વધ્યાં ને પરિણામેજોઈ શકીએ છીએ કે પંજાબ, કાશ્મીર, બંગાળ અને મદ્રાસની સ્થિતિ કથળી છે. અને વધારે ને વધારે ખતરનાક ઘટનાઓની પરંપરા ઊભી થઈ છે. આપણા બે મહાન નેતાઓની હત્યા થઈ, શ્રીમતી ઈન્દિરા ગાંધી અને શ્રી રાજીવ ગાંધી.

આ ઉપરાંત બીજી મહત્વની સમસ્યા છે ભ્રષ્ટાચાર...... આ ભ્રષ્ટાચાર બીજા ક્ષેત્રોમાં તો ફૂલ્યો ફાલ્યો, પણ શિક્ષણ જેવા ઉમદા ક્ષેત્રમાં પણ હવે તે જોવા મળે છે. તેના પોષણ માટે જવાબદાર છે... આર્થિક અસમાનતા. ૬૦% લોકોની માથાદીઠ આવક રૂ. ૨૦ કરતાં ઓછી છે. ૧૦ ટકા લોકોની આવક ૨૫ પૈસા કરતાં ઓછી છે. ૪૦ ટકા લોકોની માથા દીઠ આવક તો કદાચ તેમને પેટ પૂરતી ચાલી શકતી નથી. આર્થિક અસમાનતાની વાત કરીશું તો ગરીબી રેખાનો આંક વધતો જાય છે. પહેલાં ૨૦ રૂ. થી ઓછી ત્યાર બાદ ૪૫ રૂ. થી ઓછી આવક હોય તે ગરીબી રેખાની નીચે આવતા હવે રૂ. ૬૦ થી ઓછી આવકવાળા ગરીબી રેખા નીચે આવે છે.

આઝાદી પછી નવી ગરીબી દાખલ થઈ છે. પગારમાં વધારો થયો છતાં પણ સામાન્ય નાગરિક પોતાનું બજેટ સરખુ કરી શકતો નથી, બે છેડા ભેગા કરી શકતા નથી. ૨૦ ટકા લોકો ખરેખર ધનાઢ્ય છે. તેમણે બધા જ સુખો મેળવ્યા છે. અમીરોમાંથી નવા અમીરો ઊભા થયા છે. આર્થિક અસમાનતા વધતી જ જાય છે. આર્થિક અસમાનતાની ખીણ સાંકડી થવાને બદલે વિકસતી ગઈ છે. અને આ આર્થિક અસમાનતામાંથી જ ચોરી, લૂંટફાટ વગેરે સમસ્યા ફૂલી ફાલી છે.

સૌથી વધારે અગત્યની સમસ્યા સત્તાના કેન્દ્રીકરણની છે. નિર્ણય લેવાની પ્રથામાં ખામી છે. યથોચિત રીતે નિર્ણયો લઈ શકાતા નથી. આપણી લોકશાહી ૪ વર્ષને ૩૬૪ દિવસ ઊંઘે છે. એક દિવસ..... મતદાનને દિવસે જાગે છે. સત્તાનું કેન્દ્રીકરણ થાય એટલે હિટલરશાહી અને તુમારશાહી જેવા અનિષ્ટો પેદા થાય છે.

આજે જીવનમાં ડરવૃત્તિ ઘણી દાખલ થઈ ગઈ છે. અસામાજિક તત્ત્વોની વિરૂદ્ધમાં કશું કરી શકતા નથી, ભીરુતા આજે સર્વત્ર ફેલાઈ ગઈ છે. "રઘુકુળ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પર વચન ન જાય." આજે હવે તેનાથી ઉલ્ટુ થઈ ગયું છે. "વચન જાય પણ પ્રાણ ન જાય." ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રે જોઈએ તો ઓછું કામ કરીને વધારે પગાર મેળવવામાં શિક્ષક જરાય ખંચકાટ અનુભવતો નથી. સમગ્ર રાષ્ટ્રમાં ઠેર ઠેર અકર્મણ્યવાદનાં દર્શન થાય છે. અકર્મણ્યવાદ એટલા વધારે પ્રમાણમાં દાખલ થઈ ગયો છે કે, ઓછામાં ઓછું કામ કરવું એ જ વિચાર ઘર કરી ગયો છે. નિષ્ઠાનો વિકલ્પ રહ્યો નથી. કોઈ પણ કામ કરાવવું હોય તો આજીજી કરવી પડે છે. ફાઈલ નીકળતા કેટલી વાર લાગે છે..... અને આવા અકર્મણ્યવાદે પગપેસારો ન કર્યો હોય એવું કોઈ ક્ષેત્ર બાકી રહ્યું નથી."

અમેરિકામાં જીવન જીવતો માનવી બે બાબતો તરફ વળ્યો છે. (૧) આક્રમકતા (૨) ડ્રગ્સ.

આક્રમકતા એટલે... માધ્યમિક શાળાના ૬૫ટકા બાળકો હાથમાં સાધન લઈને શાળામાં દાખલ થાય છે. ડ્રગ્સ લઈને ૮૦ ટકા બાળકો દાખલ થાય છે.



Scanned with CamScanner

આક્રમકતા ક્યાંથી આવી? રામાયણ સિરીયલ ચાલુ થઈ ત્યારે, કે ચાલતી હતી ત્યારે નાના બાળકો તીરકામઠા ચલાવતા
હતા. રેગન રાષ્ટ્રપતિ હતા ત્યારે, આક્રમકતાના રમકડા સૌથી વધુ વેચાતા હતા. વિદ્યાર્થીઓ એટલા બધા આક્રમક થયા કે બંદૂક
લઈને વર્ગમાં દાખલ થાય છે, કે જેઓ ભવિષ્યના નાગરિક છે, સમાજશાસ્ત્રી છે.
ડ્રગ્સ, તેની સીધી અસર આપણી બરોડાની હોસ્ટેલ, મુંબઈની હોસ્ટેલ કે સુરતની શાળાના મેદાનમાં ઊભા રહેતા વિદ્યાર્થીઓ
પર પડી છે. શ્રી વિષ્ણુભાઈ પંડિતે એક પુસ્તકમાં લખ્યું છે કે આ બધી સમસ્યાને સારા શિક્ષણ દ્વારા દૂર કરી શકાય.

સારું શિક્ષણ કોને કહેવું? આજે આખુ વિશ્વ સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. અસભ્યતાના સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. અવિવેક પણ દરેક જગ્યાએ જોવા મળે છે. આ મુશ્કેલીમાંથી બહાર આવવા શિક્ષણની પુનઃવિચારણા કરી છે, બુનિયાદી તાલીમની વ્યવસ્થા છે. શૈક્ષણિક તંત્ર બધે જ મધ્યસ્થ છે.

આપણે સૌ તનાવપૂર્ણ સ્થિતિમાં જીવી રહ્યાં છીએ. We are living in tension. આ Tension ક્યાંથી આવ્યું? વૈદિક નિદાનમાં જોવા મળ્યું છે કે, તેનાથી અલ્સર જેવા રોગ થાય છે, આપણે ટેન્શનમાંથી મુક્ત થવું જોઈએ. ટેન્શનના કારણે માણસ અંદરથી અને બહારથી ખખડી ગયો છે. બિલકુલ અસ્તવ્યસ્ત છે. મનુષ્ય દેહ મળ્યો છે. પણ ચિત્ત માનવીનું નથી મળ્યું. તેથી જ તો માનવીય દ્રષ્ટિનો અભાવ જોવા મળે છે. પ્રેમ, દયા, કરુણા, સહકાર આ બધાં તત્વ માનવીને માનવ બનાવે છે જે શિક્ષણ દ્વારા જ શક્ય છે. આ પ્રકારના ગુણો કેળવાય એવું વાતાવરણ કેળવણી દ્વારા સર્જી શકાય.

આજનો માણસ તો વરૂ કરતા પણ વધારે ઘાતકી બન્યો છે. શહેરમાં જઈ જઈ ને શહેરની સંસ્કૃતિની અસર ગામડા સુધી પહોંચી છે, અને ગ્રામ્ય વિસ્તારો પણ બગડી ગયા છે. જો આપણે માણસને સુધારવો હોય, માણસને સાચો નાગરિક બનાવવો હોય તો માત્ર એક દવા છે.... સારૂં શિક્ષણ. આ સારા શિક્ષણ અંગેની જ્યાં સુધી વ્યવસ્થા ન થાય, એટલે Good educationની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી બધું વ્યર્થ છે. આ બધી સમસ્યાઓથી માણસનું મન ડહોળાયું છે. માણસના મનમાં..... ચિત્તમાં...... યુદ્ધ પ્રગટે છે. આથી માણસના મનને શુધ્ધ બનાવવા સંસ્કારોથી ધોવું જરૂરી છે. બુધ્ધિનું આક્રમણ મોટું છે. ચિત્ત જ અશુધ્ધ છે. તેમને શાંતિના પાઠો શીખવવા જોઈએ. ઘરથી માંડી સમાજ સુધી માનવીને વિવિધ સમસ્યાઓ ઘેરી વળી છે. તેથી માનવી સમતોલન ગુમાવી બેઠો છે. કોઈને હણી દે છે. તે જંગલી પ્રાણી કરતા વધુ વિચિત્ર બન્યો છે. આપણે ત્યાં ગુજરાત વિદ્યાપીઠમાં શીખવાય છે તેમ સંસ્કૃતિની સજ્જતાના પાઠો શીખવવા જોઈએ.

ગાંધીજીએ અહિંસાની ચળવળ શરૂ કરી હતી. ગોબાચેવની શુધ્ધ સંગઠિત વિશ્વની વિચારસરણી જોવા મળી. આજે હવે દુનિયાના દેશો યુધ્ધથી થાક્યા છે. શાંતિના નગરો ઊભા કરે છે. શાંતિ માટેની વિદ્યાપીઠો શરૂ થઈ છે. ત્યારે ભારતમાં પણ આજે શાંતિ માટેની કેળવણી અને શ્રમને મહત્વ મળવું જોઈએ. ચીનમાં યુનિ.માં શિક્ષણ સાથે કામ અપાય છે. Half day school અને Half day workની વ્યવસ્થા કરવામાં આવી છે.

જાપાન, ૧૯૬૪ બીજા વિશ્વ યુધ્ધ દરમિયાન ભાંગીને ભૂક્કો થઈ ગયું ત્યારે ૧૦૦ શિક્ષકોને લશ્કરી છાવણીમાં તાલીમ આપી, જાપાનની શાળામાં મોકલવામાં આવ્યાં હતા. જાપાનમાં આજે વધુ વિકાસ થયાના પરિણામો આપણી નજર સમક્ષ છે. આ પ્રકારના ઉત્તમ પરિણામો માટે (૧) શ્રમ પ્રત્યેની પ્રતિષ્ઠા અને (૨) માનવીઓને શિક્ષણ આપવું. આ બે બાબતો જરૂરી છે.

શિક્ષણ એક અજોડ સાધન છે. જેના દ્વારા પરિવર્તન થઈ શકે છે. ચીન, જાપાન, જર્મની જેવા દેશો આ બાબતોને પૂરતુ મહત્વ આપે છે. તેથી જ ઉન્નતિ કરી આગળ વધી શક્યા છે.

ભારતની સમસ્યાઓ ઉકેલવા આપણે રાષ્ટ્રને સુસંગત એવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. ૨૧મી સદીના પડકારોને પહોંચી વળવા તે માટેના કૌશલ્ય, ટ્રેનિંગ વગેરેની વ્યવસ્થા કરવી જોઈએ. રાષ્ટ્રને દુનિયાના નકશામાં અગ્ર હરોળમાં મૂકવું હોય તો એ માટેનું શ્રેષ્ઠ સાધન માત્ર શિક્ષણ જ છે.

અંતમાં એટલું કહીશ કે, માણસ જે ક્ષેત્રમાં પડે તેમાં પ્રમાણિકતાનું તત્વ હોય તો જ રાષ્ટ્રીય ઉન્નતિ શક્ય બને. શિક્ષણનું સ્તર ઊંચું હોય તો જ રાષ્ટ્રનું સ્તર ઊંચું લાવી શકાય, અને તો જ દુનિયાના નકશામાં ભારતનું સ્થાન ઊંચુ આંકી શકાય. અને તે માટે સૌથી પહેલા આ શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષકે નિષ્ઠાવાન બનવું જોઈએ.

*-પ્રવચન માંથી સંકલિત*

* * *

*શિક્ષણ એટલે શિષ્ટાચાર માટેની તાલીમ અને દેશ તથા કુદરત પ્રત્યેનો પ્રેમ. -કૌટિલ્ય*



Scanned with CamScanner

# શિક્ષકનું મહત્વ

ડૉ. અશ્વિનભાઈ કાપડીયા.

આજ રોજ હું તમને શિક્ષકનાં વ્યવસાયની મહત્તા શું છે.....? તેના વિશે જણાવીશ. તમે બધા જાણ્યે-અજાણ્યે આ વ્યવસાયમાં જોડાવા માગો છો, કારણ કે તમે અહીં બી.એડ. કરી રહ્યાં છો.

*શિક્ષણનું મહત્વ જેટલું આંકીએ એટલું ઓછું છે. શિક્ષક શું નથી કરી શકતો, શિક્ષક બધું જ કરી શકે છે. શિક્ષક ઘણું બધું સર્જન કરી શકે છે. શિક્ષક સુભાષચંદ્ર બોઝ, કનૈયાલાલ મુનશી પેદા કરી શકે છે. શિક્ષક સોક્રેટીસનું સર્જન કરી શકે છે.*

સામાજિકરણમાં શિક્ષણ અગત્યનો ભાગ ભજવે છે. વર્ષો પહેલાં ભારત અંગ્રેજોનું ગુલામ હતું ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલ, નેહરુ, ગાંધીજી જેવા વિદ્યાર્થીઓએ લાકડાની પાટલી પર બેસી વિચારો કર્યા, અભ્યાસ કર્યો અને વિચાર્યું કે જો અમેરિકા, ફ્રાન્સમાં આઝાદી લાવી શકાય છે, તો ભારતમાં તે શા માટે અશક્ય છે? અને તેઓએ તે કરી બતાવ્યું. આ હતો ડાયનેમિક વિચાર. અહીં ત્રીજો વિચાર પ્રથમ બે વિચારોની નીપજ છે. આમ શિક્ષક ડાયનેમિક છે, ક્રીએટીવ સર્જનકાર છે.

પરંતુ આજે આપણામાં શિક્ષણની તેજસ્વીતા હણાઈ ગઈ છે. જો શિક્ષક તેજસ્વી હશે તો રાષ્ટ્ર તેટલું જ તેજસ્વી બનશે, સમાજ વિકસીત થશે. આપણી આ સંહિતા ઈતિહાસને જો ૪૦-૫૦ વર્ષના ગાળામાં વિભાજીએ તો સ્પષ્ટ માલુમ પડશે કે પ્રથમ ૫૦ વર્ષ દરમિયાન આપણા શિક્ષણ દ્વારા અનેક નરરત્નો પેદા કરી શક્યા, જ્યારે આઝાદી પછી કેટલા નરરત્નો પેદા થયા? આઝાદી પછી આપણે અનેક સુધારા કર્યા, પણ એક પણ સુધારાને કેન્દ્ર ન બનાવી શક્યા. પંચવર્ષીય યોજનાનાં આયોજન માટે અનેક મિટિંગો ફાઈવ સ્ટાર હૉટલોમાં થાય છે. મિટિંગોમાં ૫ કે ૬ ભેગા થાય છે. મિટિંગમાં ૬,૭ અભિપ્રાય બાંધે છે. પરંતુ આવતી પંચવર્ષીય યોજના સુધી તે વણપુરાયેલા રહે છે. આ છે આપણું શિક્ષણ!

-શિક્ષક પોતે સમજશે તો શિષ્યની અંદર ચૈતસિક ઉત્ક્રાંતિ કરી શકશે.

શિક્ષણને પોતાની ઊંચાઈ હોય છે તેની પર્સનાલિટી ટાવર બની જાય છે, તે અધિકાર ફક્ત શિક્ષકને છે. જેથી શિક્ષકને ગુરુ કહેવાય છે, ગુરુ એટલે બધા કરતા મોટા.

ગુરુ એ જે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય, અજ્ઞાતથી જ્ઞાત તરફ લઈ જાય. શિક્ષક એ છે કે, જે સૌથી ઊંચે બેસી બધાનું નિરીક્ષણ કરી શકે. તમે એવરેસ્ટ સર કરનાર તેનસિંગ અને હિલેરીથી પરિચિત છો. જે દુનિયાનું ઊંચામાં ઊંચું શિખર છે, જે અશક્ય છે તેને શક્ય કરી બતાવ્યું. તેનસીંગ પોતે અભણ હતો તે ફક્ત શેરપા હતો, ઘેટા બકરાં ચારતો હતો. અમેરિકાનો એક ભણેલો વ્યક્તિ પણ ન કરી શકે તે એક અભણ વ્યક્તિએ કરી બતાવ્યું.

પરંતુ તેમાં તેને ઘણી મહેનત કરવી પડી હતી. તે ટેકરી પર બકરાં ચારતો હતો. બપોરે તે સૂઈ જાય,તે દરમિયાન ઘેટાં-બકરાં ઊંચે ચઢી જતાં હતાં. તેને નીચે લાવવા તે ઉપર ચઢતો હતો.ઘણી વખત નિષ્ફળતા મળતી હતી. પરંતુ તેના પ્રયાસો ચાલુ રહ્યા. અંતે અનેક નિષ્ફળતાના સરવાળારૂપે તેણે એવરેસ્ટ પર સફળ આરોહણ કર્યું. અહીં તેના વખતો વખતના પ્રયાસો જરૂરી બન્યા, આવા પ્રયાસોથી આટલી અશક્ય ઘટના પણ શક્ય થઈ પડી, આ શિક્ષણનો પ્રતાપ!

શિક્ષકે પણ જીવનની ટોચ પર પહોંચવું જોઈએ તો જ તેને આખું જીવન દેખાય, અને જો જીવન દેખાય તો તે અન્યને રાહ બતાવી, અન્યનું જીવન સર્જન કરી શકે. એ માટે દરેક શિક્ષકે પ્રયત્ન કરવો જોઈએ.

જગતની અંદર, જીવનની અંદર કંઈ જ અશક્ય નથી. ફક્ત તે કાર્ય પાર પાડવા માટે મજબૂત સંકલ્પ બળ જોઈએ. શિક્ષણ એ એક સાધન,સંકલ્પ અને ચિંતન છે,તે માટે ઈશ્વરની ઓળખની જરૂર રહેતી નથી. દુનિયાના લગભગ મોટા ભાગના મહાન વ્યક્તિઓ શિક્ષક જ હતા.

**શિક્ષક બનવા માટે નિષ્ઠા, આત્મગૌરવ અને પામરતાને ખંખેરવાની જરૂર છે. ડૉ. રાધાકૃષ્ણનને સવાલ પૂછ્યો હતો કે તમારો જન્મ દિવસ રાષ્ટ્ર કઈ રીતે ઉજવે? તો તેમણે તે દિવસ શિક્ષકદિન તરીકે ઉજવવા કહ્યું હતું. શિક્ષક બનવું એ ઈશ્વરની કૃપા છે.**

શ્રી જગદીશચંદ્ર બોઝ, શ્રી રામન વગેરે શિક્ષક હતા. આમ શિક્ષક રાષ્ટ્રપતિ બની શકે, શિક્ષક વૈજ્ઞાનિક બની શકે, શિક્ષક ભગવાન પણ બની શકે, (આચાર્ય શ્રી રજનીશ) શિક્ષકે તે માટે પોતાની પામરતાને ખંખેરવી જોઈએ.

અંતે મારા હાર્દિક ધન્યવાદ, જ્યારે સમાજને સાચા શિક્ષકની જરૂર છે, ચિંતકની જરૂર છે ત્યારે તમે આ વ્યવસાય સાથે જોડાયા. તમારામાં એ તાકાત છે. એટલે જ ભગવાને આપ સૌને આ અવસર આપ્યો છે.

* * *



Scanned with CamScanner

# કૉલેજ પ્રવૃત્તિનો સમગ્ર અહેવાલ (૧૯૯૨-૯૩)

કૉલેજમાં શૈક્ષણિક વર્ષ (૧૯૯૨-૯૩) દરમિયાન થયેલ સમગ્ર પ્રવૃત્તિઓનું નીચે મુજબ આલેખન કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર પ્રવૃત્તિ ઊભરી આવે છે.

## ૧. કૉલેજનો સ્થાપના દિન:

સમગ્ર શિક્ષણ જગતમાં ગૌરવવંતા એવા (૫ સપ્ટેમ્બર ૧૯૯૨)ના દિને "કૉલેજ ઑફ ઍજ્યુકેશન, ખરોડ."ની શુભ શરૂઆત થઈ હતી. જે આ વર્ષમાં એક વર્ષ પૂર્ણ કરીને બીજા વર્ષમાં પ્રવેશ પામી છે.

આ વર્ષે પણ તા. ૫ સપ્ટેમ્બર ૧૯૯૨નાં દિવસે કૉલેજના સ્થાપના દિન તરીકે ઉજવણી કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓ દ્વારા સૌ પ્રાધ્યાપકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

## ૨. સતત શિક્ષણ કાર્યક્રમ (બ્લોક ટીચીંગ)

કૉલેજ ઑફ ઍજ્યુકેશન, ખરોડનાં તાલીમાર્થીઓની તાલીમના એક ભાગરૂપે તાલીમાર્થી ઓએ તા. ૨૮-૯-૯૨ થી ૧-૧૦-૯૨ દરમિયાન ચાર દિવસ માટે નીચે મુજબની શાળાઓમાં અધ્યાપકોનાં માર્ગદર્શન હેઠળ પાઠ આપ્યા હતા. (બ્લોક ટીચીંગ)

* શ્રી ડી. આર. જી. વિદ્યાલય, સાયણ
* શ્રી વી. એસ. પટેલ હાઈસ્કૂલ, કોસંબા.
* નવજીવન વિદ્યાલય, ભરૂચ.
* જ્ઞાનદીપ અનુપકુંવર બા હાઈસ્કૂલ, અંદાડા.

## ૩. મથક બહાર શિક્ષણ કાર્યક્રમ. (ઑફ કેમ્પસ)

સમગ્ર શૈક્ષણિક અને બિનશૈક્ષણિક તાલીમ ના ભાગરૂપે પ્રશિક્ષણ કૉલેજનો એક મહત્વનો કાર્યક્રમ એટલે ઑફ કૅમ્પસ.

તાલીમીર્થી મિત્રો શાળાની પ્રવૃત્તિઓથી માહિતગાર થાય, તથા શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વતંત્ર રીતે આયોજન કરી તેનો અમલ કરી અનુભવો મેળવી શકે તે હેતુથી કૉલેજના તાલીમાર્થીઓનાં ચાર ગ્રુપો એક એક અધ્યાપક સાથે નીચે મુજબનાં સ્થળોએ ગયાં હતા. આ ઑફ કૅમ્પસ-તા. ૪-૧-૯૩ થી ૯-૧-૯૩ દરમિયાન યોજાયેલ હતો.

* શ્રીમતી એમ.એમ. ભક્ત હાઈસ્કૂલ, નેત્રંગ.
* જનતા માધ્યમિક શાળા, ખેરગામ.
* સંસ્કાર ભારતી વિદ્યાલય, નવસારી.
* શાંતિનિકેતન વિદ્યાવિહાર, સુરત.

આ દરમિયાન તાલીમાર્થી મિત્રોએ શૈક્ષણિક પ્રવૃત્તિની સાથે, વિવિધ સ્પર્ધાઓ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સુંદર રીતે યોજી કૉલેજનું ગૌરવ વધાર્યું હતું.

## ૪. તાલીમાર્થી મિત્રો માટે નિબંધ સ્પર્ધા તેમજ વકતૃત્વ સ્પર્ધા.

તાલીમાર્થી મિત્રોના વ્યક્તિગત વિકાસ માટે ઉપરોક્ત સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં ૧૦-૧૫ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો, જેનું પરિણામ નીચે મુજબ છે.



Scanned with CamScanner

## નિબંધ સ્પર્ધા

૧. નાયક દિવ્યાબહેન.
૨. દેસાઈ વિનય.
૩. દેસાઈ બેલાબહેન.

## વક્તૃત્વ સ્પર્ધા

૧. નાયક દિવ્યાબહેન.
૨. દેસાઈ ખ્યાતિબહેન.

## ૫. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધા.

એક પ્રવૃત્તિ ખરોડ, ગામની જ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને આવરી લેતી વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું, અને તે માટે તાલીમાર્થીઓ તરીકે અનિલ મૈસુરિયા, દિવ્યાબહેન નાયક અને દેસાઈ ખ્યાતિ એ રૂબરૂ શાળામાં જઈ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુંરૂ પાડયું હતું, અને સ્પર્ધા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. જેના ઈનામો ખરોડનાં (હાલ દ. આફ્રિકા) શ્રી છોટાભાઈ સદરે આપ્યા હતા. ઈનામોના વિજેતાઓ નીચે મુજબ છે.

૧. યોગેશકુમાર ગોપાળભાઈ પટેલ.
૨. આશિફ ઈ. અ. રહીમ બેરા.
૩. અસ્મા શબ્બીર જોગીયા.
૪. સુમૈયા ઈશ્હાક પટેલ.

## ૬. ટીમ ટીચીંગ

તાલીમાર્થીઓનાં અભ્યાસક્રમનાં એક ભાગરૂપે ટીમ ટીચીંગનો પ્રયોગ કરાયો હતો. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓએ પ્રા. જયેશભાઈ નાયકના માર્ગદર્શન હેઠળ સિસ્ટમ અભિગમ વિશે અને પ્રશ્નકળા વિશે સમજ આપી હતી. જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓનાં નામ નીચે મુજબ છે.

(૧) અલ્લુ હાસિમ (પ્રમુખ)
(૨) દેવદત્ત જોષી
(૩) ભરત પટેલ
(૪) પંકજ પટેલ
(૫) અનિલ મૈસુરિયા
(૬) ચંદ્રકાંત પટેલ
(૭) કિશોર જરીવાળા
(૮) પ્રતિમાબહેન તળવેકર (પ્રમુખ)
(૯) બેલાબહેન દેસાઈ
(૧૦) માધવી જરીવાળા
(૧૧) દિવ્યાબહેન નાયક



Scanned with CamScanner

## ૭. ઈતર પ્રવૃત્તિ

અન્ય પ્રવૃત્તિઓમાં વિવિધ મહાનુભાવોનું પ્રવચન થયું હતું. સમગ્ર વર્ષ દરમિયાન આમંત્રિત મહેમાનોએ નીચે મુજબ વકતવ્ય આપ્યું હતું.

૧. ડૉ. શ્રી દોલતભાઈ દેસાઈ
(વિષયઃ શિક્ષક કેવા હોવા જોઈએ?)

૨. ડૉ. શ્રી દિનુભાઈ નાયક (પ્રિન્સીપાલ બી.એડ. કૉલેજ, બિલીમોરા)
(વિષયઃ શિક્ષણની રાષ્ટ્રીય પ્રસ્તુતતા)

૩. ડૉ. શ્રી સી. ઝેડ. શાહ (પ્રિન્સીપાલ બી. એડ. કૉલેજ, સુરત)
(વિષય : સ્વ-અધ્યન પધ્ધતિ)

૪. ડૉ. શ્રી મણીન્દ્ર ડે. (અધ્યાપક બી.ઍડ. કૉલેજ, બિલીમોરા.)
(વિષય : વસતી શિક્ષણ)

૫. ડૉ. શ્રી અશ્વિનભાઈ કાપડીયા (કૉલેજ અધ્યાપક, ભરૂચ.)
(વિષય :શિક્ષકનું મહત્વ)

## ૮. કૉલેજનો વાર્ષિક ઉત્સવ :

કૉલેજનો વાર્ષિક મહોત્સવ તા. ૨૪-૧-૯૩ના રોજ ખરોડ હાઈસ્કૂલનાં રમણીય પટાંગણમાં યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ટ્રસ્ટના વાઈસ ચેરમેન ઍડવોકેટ શ્રી સુનીલભાઈ પટેલ, સેક્રેટરી શ્રી વિનોદભાઈ વકીલ અને ખરોડ ગામના સરપંચ શ્રી મહંમદભાઈ ભૈયાત ઉપરાંત કેટલાક પરદેશ નિવાસી ભાઈઓ હતા.

આ કાર્યક્રમમાં તાલીમાર્થી મિત્રોએ પ્રાર્થના, સમુહ ગીત, ચાર નાટકો, રાસ, આદિવાસી નૃત્ય અને ડાંગીનૃત્ય જેવી કૃતિઓ રજૂ કરી હતી. ત્રણ કલાક સુધી પ્રેક્ષકોએ કાર્યક્રમને આનંદભેર માણ્યો હતો.

## ૯. શૈક્ષણિક પ્રવાસ :

કૉલેજના તાલીમાર્થીઓએ પોતે આયોજિત શૈક્ષણિક પ્રવાસ તા. ૧૫-૨-૯૩નાં રોજ યોજવામાં આવ્યો. જેમાં સરદાર સરોવર, (નર્મદા ડેમ) ગરુડેશ્વર, ગુમાનદેવ જેવા સ્થળોની મુલાકાત લીધી હતી. તેમાં તાલીમાર્થીઓને ઘણું બધું શીખવાનું મળ્યું.

## ૧૦. સિધ્ધિ-સન્માન

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય બિલિમોરાના રજત જયંતિ પ્રસંગે આ કૉલેજ તરફથી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર **શ્રી બી. એ. પરીખ**ના હસ્તે તા. ૬-૩-૯૩ના રોજ કૉલેજના ઈ. આચાર્ય **શ્રી જયેશભાઈ નાયક**નું સિધ્ધિ સન્માન પત્ર દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. આવું જ સન્માન કૉલેજના પ્રાધ્યાપક **શ્રી જયંતભાઈ શાહ**નું પણ કરવામાં આવ્યું.

* * *

પ્રત્યેક મનુષ્યના મગજના અદ્રશ્યરૂપે વિદ્યમાન સંસારના સર્વમાન્ય વિચારોને પ્રકાશમાં લાવવા તેનું નામ શિક્ષણ.
*સોક્રેટીસ*

શિક્ષણ એટલે પારણાથી માંડીને મરણ સુધીની બધા વાતાવરણની અસરો; બધી કેળવણી, બધી શિસ્ત અને બધી સંસ્કૃતિનો સરવાળો.
*ટી ઍવરાર્ડ*



Scanned with CamScanner

# આધુનિક પરીક્ષા પધ્ધતિનાં અનિષ્ટો.......

-દિવ્યા નાયક
રોલ નં.૨૫

પ્રાચીન ભારતમાં તક્ષશીલા, નાલંદા જેવી ખ્યાતનામ વિદ્યાપીઠો હતી. જ્યાં વિદેશના વિદ્યાર્થીઓ પણ ભણવા આવતા. ગુરુકુળો અને આશ્રમોમાં રહી વિદ્યાર્થીઓ અનેક વિદ્યા અને કલાઓનાં પારંગત થતાં. આ બધું શું આપણા જ દેશમાં હતું? એવી શંકા આજે તો ઊઠે છે. સ્વતંત્રતા પછી જે ક્ષેત્ર સહુથી વધુ મજબૂત થવું જોઈતું હતું તે આજે સહુથી વધારે ઉથલી ગયું છે. શિક્ષણનું ક્ષેત્ર પણ અન્ય ક્ષેત્રોની સાથે ભ્રષ્ટાચારથી ખરડાઈ જશે એવી તો કદાચ આપણાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને બંધારણનાં ઘડવૈયાઓએ કલ્પના શુધ્ધાં પણ નહીં કરી હોય.

શ્રી ઉમાશંકર જોશીએ એમના નિબંધ સંગ્રહ "ગોષ્ઠિ"માં યથાર્થ જ કહ્યું છે. "વિદ્યાની પરીક્ષા જેણે પ્રથમ શોધી તેણે વિદ્યાનું નિકંદન કાઢ્યું છે." પરીક્ષા આવી એટલે વિદ્યા પાછળ ગઈ, પરીક્ષા આગળ થઈ. "પરીક્ષા પધ્ધતિનાં અનિષ્ટોનો વિચાર કરવા બેસીએ તો આ વિધાનની યથાર્થતા સમજાયા વિના નથી રહેતી. આજે પરીક્ષા વિદ્યા પ્રાપ્તિનું સાધન નહીં પણ સાધ્ય જ બની ગઈ છે."

પરીક્ષાના દિવસો આવે છે, ત્યારે અનેક પ્રશ્નો મનમાં ઉદ્દ્ભવે છે. જેવા કે, પરીક્ષા શાને માટે છે? શિક્ષણમાં પરીક્ષાનું મહત્વ કેટલું? પરીક્ષા મહત્વની કે વિદ્યાર્થીનું વર્ગભણતર મહત્વનું? વિદ્યાર્થીની હોંશિયારીની પારાશીશી પરીક્ષાના તેના માર્ક્સ હોય કે તેનું જ્ઞાન? મા-બાપે બાળકને અભ્યાસલક્ષી બનાવવો જોઈએ કે પરીક્ષાલક્ષી?

આજના શિક્ષણની આજ તો મોટી કમનસીબી...... ખરેખર તો શિક્ષણ કેટલું પચ્યું છે, તે જાણવા માટે પરીક્ષાનું આયોજન થતું આવ્યું હતું, પરંતુ તેને બદલે આજે પરિસ્થિતિ એવી આવીને ઊભી છે કે, પરીક્ષા માટે જ શિક્ષણ છે. પરીક્ષાનું મહત્વ એટલુ બધું વધી ગયું છે કે, બાલમંદરિમાં બાળક જેની રમવાની ઉંમર છે, જેને પરીક્ષા શબ્દનો અર્થ નથી ખબર તેવા બાળકને માથે પરીક્ષાનો અનહદ બોજો લાદી દેવામાં આવે છે. ભણતરથી બાળકના જીવનનું ઘડતર થવું જોઈએ. તેના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થવો જોઈએ કે જેથી તેનું ભાવિજીવન તે ગૌરવભેર સફળતાપૂર્વક જીવી શકે. તેને બદલે આજે મા-બાપ એવો અભિગમ અપનાવતા થયા છે કે, બાળકમાં જ્ઞાન ગમે તેટલું હોય પણ તેના માર્ક્સ ગમે તે રીતે વધારે જ આવવા જોઈએ.

